યુનિવર્સિટી અને કોલેજોને નેકની માન્યતા મેળવવા બાબત

*15/3/442: **શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા** (પોરબંદર) : **માનનીય શિક્ષણ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ** જણાવવા કૃપા કરશે કે:–

ક્રમ	**પ્રશ્ન**	**ક્રમ**	**જવાબ**
(૧)	તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેક (નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સીલ)ની માન્યતા લેવાની હોય છે તે હકીકત સાચી છે,	(૧)	હા, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ ઉક્ત માન્યતા મેળવી છે અને કેટલી યુનિવર્સિટીઓ અને કોલેજોએ માન્યતા મેળવવાની બાકી છે, અને	(૨)	

	યુનિવર્સિટી	**કોલેજ**
માન્યતા મેળવેલ:–	૨૦	૯૭
માન્યતા મેળવવાની બાકી:–	૮૮	૨૩૭૧

(૩)	યુનિવર્સિટીઓ અને કોલેજોએ નેકની માન્યતા ન મેળવેલ હોય તેની સામે શા પગલાં લીધાં?	(૩)	• ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓની ગુણવત્તા સુધારવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાત માન્યતા અને રેન્કિંગ સંસ્થાકીય મિકેનિઝમ એન્ડ એરેન્જમેન્ટ (GARIMA) સેલની શરૂઆત કરી છે. સારી માન્યતા/એક્રેડિટેશન અને વિશ્વ રેન્કિંગ હાંસલ કરવા માટે વિદ્યાર્થીઓનાપ્રદર્શનનું ઉપચારાત્મક મૂલ્યાંકન કરવા અને સંસ્થાકીય ધોરણોને ઉન્નત કરવા માટે એક કાર્યક્ષમ પદ્ધતી વિકસાવી છે. • વધુમાં, ગુજરાત રાજ્યની તમામ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ NAAC/NBA હેઠળ એક્રેડિટેશન પ્રાપ્ત કરી શકે તે માટે હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ પૂરો પાડવા માટે એજન્સીની નિમણૂંક કરવા જઇ રહી છે. આથી આવનાર વર્ષોમાં ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓને એક્રેડિટેશન માટે પૂરતો સહયોગ/માર્ગદર્શન મળી રહે. • ઉક્ત સંદર્ભે ગુજરાત રાજ્યની જે શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા મેળવવાની બાકી છે, તેઓને તાકીદે માન્યતા મેળવવાના પગલાં લેવા જાણ કરવામાં આવી છે, તદુપરાંત આ માટે જરૂરી ગ્રાન્ટ પણ પૂરી પાડવામાં આવી છે.